આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 03-09-2024 સમય : સાંજે 6.25 વાગ્યે

---

## રાજ્યમાં વરસાદ

સમગ્ર રાજ્યમાં આજે સવારથી વરસાદનું જોર વધ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ડાંગ અને તાપી સહીતના જીલ્લાઓમાં ભારે વરસાદ વરસ્યો છે. આજે 91 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ડાંગ જીલ્લામાં સાડા છ ઇંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત તાપીના સોનગઢમાં છ, નવસારીના વાંસદામાં સાડા પાંચ ઇંચ વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે.

RNU અમદાવાદ

---

## કચ્છમાં વરસાદ

કચ્છની વાત કરીએ તો આજે સવારથી જ પૂર્વ કચ્છમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. સૌથી વધુ રાપર તાલુકામાં ૬૫ મીલીમીટર વરસાદ નોંધાયો છે. જયારે, ભચાઉમાં ૧૯ અને ગાંધીધામમાં ૧૦

મીલીમીટર વરસાદ વરસ્યો હતો. આજે સવારથી જ રાપર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. જોરદાર વરસાદના લીધે શેરીઓ તથા મુખ્ય બજારમાંથી પાણી વહી નિકળ્યા હતા.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------

## કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર ક્રેસ લેન્ડિંગ

ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતું ભારતીય કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરનું અરબી સમુદ્રમાં ક્રેશ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પાઈલટ સહિત ચાર લોકો સવાર હતા. તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરાતા એક ક્રુ મેમ્બરનો બચાવ થયો હતો. જયારે, ભારતીય કોસ્ટગાર્ડના બે પાઇલટ અને અન્ય એક ક્રૂ મેમ્બર સહીત ત્રણ લોકો ગુમ થયા હોવાનું જાણવા મળે  છે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------

## જળાશયો

મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૧૩ જળાશયો સંપૂર્ણ જ્યારે ૪૩ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. રાજ્યના ૧૮ ડેમ

૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૩ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે.

કચ્છ જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે મધ્યમ સિંચાઇના ડેમોમાં 36 ટકા અને નાની સિંચાઇના ડેમોમાં 40 ટકા જેટલો જળ જથ્થો વધ્યો છે.

અશરફ નથવાણી

---

## શક્તિસિંહ ગોહિલ કચ્છના અતિવૃષ્ટીથી અસરગ્રસ્તોની મુલાકાતે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે માંડવીના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરી હતી. તેમણે તકલીફમાં આવેલ લોકોને મળી નુકશાની ની વિગતો મેળવી હતી. અને સરકારને કચ્છ જિલ્લાની નુકસાની અને વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર આપવાની ખાતરી આપી હતી. તેઓ આવતીકાલે અબડાસા તાલુકાના કોઠારા, નલિયા, જખૌ વગેરે વિસ્તારોની મુલાકાત લેશે.

અશરફ નથવાણી

---

## કચ્છમાં પોષણ માસની ઉજવણી

કચ્છમાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણીના સુચારું આયોજનને લઈને જિલ્લા પંચાયત ખાતે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિકુંજ પરીખના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પોષણ માસ દરમિયાન પોષણ થીમ સાથે સંલગ્ન વિભાગો સાથે ચર્ચા કરીને વિવિધ પ્રવૃતિઓનું આયોજન યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા જણાવાયું હતું. શહેરથી માંડીને ગ્રામ્યકક્ષા સુધી પોષણ માસ અંતર્ગત પ્રવૃતિઓ થાય તે બાબત ઉપર જિલ્લા વિકાસ અધિકારીએ ભાર મૂક્યો હતો. આરોગ્ય વિભાગના સહયોગ અને સંકલનથી જિલ્લાના તમામ સબ સેન્ટર ઉપર એનિમિયા ટેસ્ટ કાર્યક્રમો યોજાય તેમજ “એક પેડ માં કે નામ” કાર્યક્રમ તમામ આંગણવાડી કેન્દ્રો, પંચાયતો, શાળાઓમાં યોજાય તે અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

**અશરફ નથવાણી**

-------------------------------------------------------------------

## <u>કચ્છના ત્રણ વાર્તાકારોને ધૂમકેતુ નવલિકા પુરસ્કાર</u>

કચ્છના ત્રણ વાર્તાકાર રાજેશ અંતાણી, અજય સોની અને જયંત રાઠોડને સાહિત્યજગતનો પ્રતિષ્ઠિત `ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' જાહેર થયો છે. પ્રતિષ્ઠિત વાર્તાકાર ધૂમકેતુના નામથી અપાતો આ પુરસ્કાર ધૂમકેતુના પરિવારજનો અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંયુક્ત ઉપક્રમે અપાય છે. જે અંતર્ગત 2016થી 2022ના વર્ષના પુરસ્કારો જાહેર કરાયા છે. જેમાં અજય સોનીના નવલિકા સંગ્રહ `રેતીનો

માણસ'ને 2017, જયંત રાઠોડના નવલિકા સંગ્રહ `ધોળી ધૂળ'ને 2020 અને રાજેશ અંતાણીના નવલિકા સંગ્રહ `ખાલી થતું ગામ'ને 2021ના વર્ષના શ્રેષ્ઠ નવલિકા સંગ્રહ માટે પારિતોષિક જાહેર થયા છે. આગામી 14 સપ્ટેમ્બરના ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે શાલ, પ્રમાણપત્ર અને રોકડ રકમથીથી આ લેખકોને સન્માનિત કરવામાં આવશે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------

## સરહદ ડેરી

સરહદ ડેરી અંજાર દ્વારા કપરી પરિસ્થિતીમાં પશુપાલકોને મદદરૂપ થવાના હેતુથી 106 મંડળી સાથે સંકળાયેલ 6486 પશુપાલકોને 3 કરોડ 76 લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

હાલમાં કચ્છમાં અતિવૃષ્ટિની પરિસ્થિતીનું નિર્માણ થયું છે. ત્યારે પશુપાલકોને આર્થિક મદદ મળી રહે તે હેતુથી સરહદ ડેરી દ્વારા અંતિમ ભાવ ચુકવણીના ભાગરૂપે આઠમા રાઉન્ડનું ચૂકવણું શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીના કુલ 8 રાઉન્ડમાં 885 દૂધ મંડળીના 67128 પશુપાલકોને 41 કરોડ જેટલી માતબાર રકમ ચૂકવવામાં આવી છે તેવું સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે જણાવ્યુ છે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------